# રાજપીપળામાં ગાયના છાણમાંથી બનાવેલી ઇકો ફ્રેન્ડલી ગણપતિની પ્રતિમા લેવા ભક્તોમાં ઉત્સાહ

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા

ગણેશ મહોત્સવ ની ઉજવણી માટે ભક્તોએ તૈયારીઓ આરંભી દીધી છે. ગણેશ આયોજકો અને ભક્તોમાં આ વખતે ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પરંતુ પર્યાવરણ પ્રેમી આજે પણ ઈકો ફ્રેન્ડલી ગણેશજી ની મૂર્તિની સ્થાપના કરવાની લોકો પાસે અપેક્ષા રાખે છે.

આટલી જાગૃતિ હોવા છતાં આજે પણ પીઓપી ની મૂર્તિઓનું ચલણ જોવા મળે છે. જે પાણીમાં ઓગળતી ન હોવા ઉપરાંત તેના રંગો કેમિકલ વાળા હોવાથી નદીમાં વિસર્જન વખતે પીઓપી અને કેમિકલથી નદી પ્રદુષિત થતી હોવા ઉપરાંત જલચર સજીવો માટે પ્રાણ ઘાતક હોવાથી વડા નરેન્દ્રભાઈ મોદીએ ગણેશ મૂર્તિ પીઓપી ને બદલે માટીની ઈકો ફ્રેન્ડલી મૂર્તિ સ્થાપિત કરવા અપીલ કરી છે.જોકે ભક્તો અને આયોજકો હવે માટીની ઈકો ફ્રેન્ડલી મૂર્તિ તરફ વળ્યાં છે.



કારણકે માટીની મૂર્તિ પાણીમાં ઓગળી જાય છે. અને પાણી પ્રદુષિત થતું નથી.

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના પ્રતાપપરા ગામના પર્યાવણ પ્રમી રાજેશ વસાવા પ્રતાપપરા ગામ માં હરિ અનમોલ ગૌશાળા માં દેશી ગાય ના છાણ માંથી મહિલાઓ દ્વારા બનાવેલ ઈકો ફેંડલી ગણેશજી ની મૂર્તિ 7000 થી વધુ મૂર્તિ બનાવી પર્યાવરણ ની જાગૃતિ માટે નો પ્રચાર કરે છે અને મહિલાઓને આ થકી તાલીમ અને રોજગારી પુરી પડે છે

રાજેશભાઈ વસાવાનું કહેવું છે કે આ મૂર્તિનું ઘર માંજ ડોલના પાણીમાં વિસર્જન કરી શકાય છે. અને ઓગળી ગયેલ પાણી છાણીયુ ખાતર બની જાય છે.એ ખાતર વાળું પાણી ખેતરમાં કે કુંડાના છોડમાં રેડી દેવાથી ઓર્ગેનિક ખાતર મળી જાય છે. આમ નદીને પ્રદુષિત થતી અટકાવી શકાય છે. હાલ તેઓ આવી મૂર્તિઓનું ઓર્ડર મુજબ વેચાણ પણ કરી રહ્યા છે.ઘરે ગણેશ સ્થાપના કરતા ભક્તોએ આવી ગાયના છાણમાંથી બનાવેલી ઈકો ફ્રેન્ડલી મૂર્તિઓ સ્થાપિત કરી પ્રર્યવારણ પ્રેમી ભક્ત બની રહયા છે. આ પ્રતિમા રાજપીપળા ચંદ્રવિલા સોસાયટી માં મળે છે.

# ધંધુકા તાલુકાનો 'સ્વાગત' ઓનલાઈન કાર્યક્રમ 27 મી સપ્ટેમ્બરે યોજાશે

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યમાં 'સ્વાગત' ઓનલાઈન (ફરિયાદ નિવારણ) કાર્યક્રમ યોજાય છે. આ કાર્યક્રમ અંતર્ગત તાલુકા કક્ષાના પ્રશ્નોના નિકાલ / ઉકેલ માટે લોકોએ તેમની ફરિયાદ રજુ કરવા માટે ઉચ્ચ કક્ષા સુધી જવુ ન પડે તે માટે તાલુકા કક્ષાએ નિયમિત "સ્વાગત" ઓનલાઈન કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટની ક્ચેરી, ધંધુકાની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર ધંધુકા તાલુકામાં સપ્ટેમ્બર-૨૦૨૩ માસનો સ્વાગત કાર્યક્રમ તા.૨૭/૦૯/૨૦૨૩ (ચોથો બુધવાર) ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યોજાશે. આ કાર્યક્રમ માટેના તાલુકા કક્ષાના પ્રશ્નો/ફરિયાદ તારીખ ૧૦/૦૯/૨૦૨૩ સુધીમાં મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટની ક્ચેરી, ધંધુકાને પહોંચતા કરવા સબંધકર્તા લોકોને વિનંતી કરવામાં આવે છે. તાલુકા સ્વાગતને લગતી અરજીમાં મથાળે "તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ " લખવાનું રહેશે. આ કાર્યક્રમમાં નીચે જણાવેલ વિગતોની અરજીઓ રજુ થઈ શકશે. (૧) કોઈ અરજદારે અરજી કરતાં પહેલાં ગ્રામ કક્ષાનો પ્રશ્ન હોય તો ગ્રામ પંચાયત, તલાટી કમ મંત્રી ગ્રામ સેવકને પ્રથમ અરજી કરેલ હોવી જોઈએ અને તે અનિર્ણિત હોય. (૨) તાલુકા કક્ષાનો પ્રશ્ન હોય તો તાલુકાના જવાબદાર અધિકારીને પ્રથમ લેખિતમાં રજુઆત કરેલી હોવી જોઈએ અને તે અનિર્ણિત હોય. (૩) આ કાર્યક્રમમાં રજુ થતાં પ્રશ્નો ગ્રામ્ય અને તાલુકા કક્ષાએ જ નિર્ણય લઈ શકાય તેવા હોવા જોઈએ. (૪) આ કાર્યક્રમમાં અરજદાર જાતે પોતે રૂબરૂ પોતાના પ્રશ્નની જ આધાર પુરાવા સાથે રજુઆત કરી શકશે. (૫) આ કાર્યક્રમમાં અરજદાર એક જ વિષયને લગતી રજુઆત કરી શકશે.

# ઝૂલન યાત્રાનું હરેકૃષ્ણ મંદિર, ભાડજ ખાતે ઉજવણી



હરેકૃષ્ણ મંદિર, ભાડજ ખાતે ભગવાન શ્રી શ્રી રાધા માધવને શ્રીબલરામજયંતિદિવસેખૂબ જ સુંદરરીતે શણગારેલ ઝૂલન પર બિરાજમાન કરીને ઝૂલવવામાં આવ્યા.ઝૂલનને ભવ્ય ફૂલોથી સજાવવામાં આવ્યું જેમકે કેરીલેસન, સેવંતી, જરબારા, મેરીગોલ્ડ, રજનીગંધા, ઓરચીડ,કામિની વિગેરે તથા રંગબેરંગી માળા, ફળો , સુકા મેવા વગેરેથી સુંદર રીતે સજ્જ કરવામાં આવશે. ભગવાન શ્રી શ્રી રાધા માધવને ઝૂલન પર બિરાજમાન કરાવી આરતી ઉતારવામાં આવીસથોસાથ ખાસ કિર્તન "જય રાધા માધવ ગીતી"નું ગાન કરવામાં આવ્યું. ભક્તોએભગવાનશ્રીની પ્રસન્નાર્થે જુદી જુદી જાતનાભોગ અર્પણ કર્યા.આખો દિવસ સતત કિર્તન અને ભજન નું ગાન કરવામાં આવ્યું તેમજ મંદિરની મુલાકાત લેનાર દર્શનાર્થીઓને ભગવાનશ્રીને ઝૂલવવાનો અવસર પ્રાપ્ત થયો.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતાનગર ખાતે આજથી મોન્સૂન મેઘ મલ્હાર પર્વનો શુભારંભ કરાશે

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા

સ્ટેચ્યુ ઓફ યુનિટી અને ગુજરાત પ્રવાસન નિગમ લિમટેડના સંયુક્ત ઉપક્રમે એકતાનગરના આંગણે નર્મદા ડેમ વ્યૂહ પોઈન્ટ- ૧ ખાતે તા. ૨ થી ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૩ દરમ્યાન યોજાનારા 'મોન્સૂન મેઘ મલ્હાર પર્વ-૨૦૨૩" નું આજે સવારે ૧૦:૦૦ કલાકે રાજ્યના પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના મંત્રી મુળુભાઈ બેરાના હસ્તે શુભારંભ થનાર છે. 'મોન્સૂન મેધ મલ્હાર પર્વ' ની ઉજવણી પ્રસંગે અનેકવિધ સ્પર્ધાઓ તથા પ્રવૃતિઓ યોજાનાર છે. જેમાં સ્થાનિક કલાકારો દ્વારા પ્રસ્તુતિ, ક્રાફ્ટ સ્ટોલ અને ફુડ સ્ટોલ, મોન્સુન થીમ પર સુશોભન તેમજ યોગા ક્લાસીસ, ક્વિઝ કોન્ટેસ્ટ, સેમિનાર, વિવિધ રમતો, મ્યુઝિકલ લર્નિંગ કોમ્પિટિશન, રંગોળી સ્પર્ધા, ફોટોગ્રાફી કોમ્પિટિશન, મનોરંજન પ્રવૃત્તિઓ, એડવેન્ચર એક્ટિવિટી વગેરેમાં સહભાગી થશે. આ કાર્યક્રમમાં ગુજરાતના અન્ન અને નાગરીક પુરવઠા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના રાજ્યકક્ષાના મંત્રી અને નર્મદા જિલ્લાના પ્રભારી ભિખુસિંહજી પરમાર, છોટાઉદેપુરના સાંસદ ગીતાબેન રાઠવા, જિલ્લા પંચાયત નર્મદા પ્રમુખ પર્યુષાબેન વસાવા, નાંદોદ ધારાસભ્ય ડૉ.દર્શનાબેન દેશમુખની પ્રેરક ઉપસ્થિત રહેશે.

# રાજપીપળા કરજણ નદીના કિનારે બનેલા રૂ.1.60 કરોડનાં નવા ઓવારામાં વેઠ ઉતારી હોવાનો આક્ષેપ

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા

રાજપીપળા શહેર કરજણ ઓવરા કિનારે વસેલું છે.અને કરજણ નદી કિનારે 400 વર્ષ પહેલા મહારાજા દ્વારા આ ઓવરો વિશેષ પથ્થરો દ્વારા બનાવવામાં આવ્યો હતો. અને આ ઓવારો બનાવવાથી એક પ્રવાસન ધામ તરીકે આ વિસ્તાર વિકાસ પામ્યો હતો.

કરજણ નદીમાં પુરની પરિસ્થિતિને કારણે આ ઓવારો ઘણા સમયથી તૂટી જતા નગરજનો માટે ચિંતાનો વિષય બન્યો હતો, રોજ સવારે જોગિંગ માટે રાજપીપળા વાસીઓ કરજણ નદીના કિનારે આવતા હોય છે,

## નગરપાલિકા દ્વારા રજવાડા સમયનો જર્જરિત ઓવરાને તોડી 1.60 કરોડના ખર્ચે નવા ઓવારો ને ખુલ્લો મૂકવાની તૈયારી પહેલા સ્થાનિક અગ્રણીનાં આક્ષેપ



તૈયાર થયો છે.અને હાલમાં તેના ઉદ્ઘાટન ની પાલિકા દ્વારા તૈયારીઓ થઈ રહી હોય ત્યારે રહેતા નાઝીમઅલી કાદરી એ નવા ઓવારા ની મુલાકાત લઈ પૂછપરછ કરી તો જુનો લોકઉપયોગી ઓવારા નાં બદલે નવા ઓવારા માં પગથિયાં નાના છે,બેસવાની પાળી પણ સાંકળી છે અને કરજણ નદીમાં પ્રતિમા વિસર્જન થતું હોય છે તેમાં નીચેના ભાગમાં પગથિયાં નહિ બનતા ક્યારેક જોખમી સાબિત થાય તેવો ભય વ્યક્ત કર્યો હતો અને જૂના ઓવારા ની સરખામણી માં નવો ઓવારો લોકોને સવલતો નહિ આપી વેઠ ઉતારી હોવાનો તેમજ જૂના કપડા કાઢી નવા પહેરાવ્યા હોવાનાં આક્ષેપ કર્યા છે. પાલિકાના મુખ્ય અધિકારી રાહુલ ઢોડિયા એ આ મુદ્દે જણાવ્યું કે બધું બરાબર જ બનાવ્યું છે જે ડિઝાઇન હતી એ મુજબની કામગીરી બરાબર કરવામાં આવી છે કોઈ ખામી નથી.

# ડેડીયાપાડાના કાબરીપઠાર ગામે 8 વર્ષીય બાળકી પર ગામના હવસખોરે દુષ્કર્મ કરતા અરેરાટી ફેલાઈ

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા

નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના કાબરીપઠાર ગામમાં માસૂમ સગીર વયની બાળકી પર બળાત્કાર ની ઘટના બાદ ગામમાં અરેરાટી જોવા મળી છે પ્રાપ્ત માહિતી અનુસાર હવસખોર ભાવસીગ ફતેસીંગ ભાઈ વસાવા રહે. કાબરીપઠાર, નિશાળ ફળીયું, તા. દેડીયાપાડા, જી. નર્મદા એ ભોગ બનનાર બાળકી ઉ.વ.૮ વર્ષ ૧૦ માસ અને ૧૧ દિવસ, રહે.કાબરીપઠાર, નિશાળ ફળીયું, તા.દેડીયાપાડા, જી.નર્મદા ને તારીખ ૩૦/૦૮/૨૦૨૩ના રોજ સાંજના આશરે પાંચેક વાગ્યાના સુમારે બાળકી તેના ઘરની બહાર રમતી હતી ત્યાંથી જબરદસ્તીથી હાથ પકડી નાવણીયામાં ખેંચી લઈ જઈ ઘરના પાછળના ભાગે આવેલ નાવણીયામાં એકાંતનો લાભ લઈ શારીરિક અડપલા કરી બળાત્કાર કરી ગુનો કરતા ડેડીયાપાડા પોલીસે આ હવસખોર સામે બળાત્કાર તથા ધ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સુઅલ ઓફેન્સીઝ એક્ટ સહિતની કલમો સાથે ગુનો દાખલ કરી તેને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. ડેડીયાપાડા પીઆઈ પી.જે પંડ્યા સાથે વાત કરતા તેમણે જણાવ્યું કે આરોપીની અટક કરી લીધી છે અને તેને બે પત્ની હતી પરંતુ કોઈક કારણોસર બંને પત્ની તેને મૂકી ચાલી ગઈ છે.હજુ વધુ તપાસ પોલીસ કરી રહી છે.

# નર્મદાના નાંદોદ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તમામ ગામ 100% આભા કાર્ડ કામગીરી તરીકે જાહેર

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા

નર્મદા જીલ્લાના નાંદોદ તાલુકા ના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના તમામ ગ્રામિણ વિસ્તાર માં મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.જે ઓ માઢક તેમજ મા. અધિક જીલ્લા આરોગ્ય અધિકારી ડો અનિલ વસાવા ના માર્ગદર્શન હેઠળ આરોગ્ય કર્મચારીઓ ના સહયોગ થી નાંદોદ તાલુકા ના તમામ ગ્રામ્ય વિસ્તારો મા ૧૦૦% આભા કાર્ડ બનાવવામા આવેલ છે જેનાથી લોકો ને નીચે મુજબ ના લાભ મળશે. જો તમે ABHA હેલ્થ આઈડી કાર્ડની અરજી અને ડાઉનલોડ કરો તો તમે નીચેના લાભો મેળવી શકો છો. તમે તમારી બધી તબીબી માહિતી જેમ કે રિપોર્ટ, નિદાન, દવાના પ્રિસ્ક્રિપ્શનો, વગેરે, માત્ર થોડી ક્લિક્સ સાથે ઉપયોગ કરી શકો છો. તમે તમારા મેડિકલ રેકોર્ડને હોસ્પિટલો, ક્લિનિક્સ, ડૉક્ટરો વગેરે સાથે સરળતાથી શેર કરી શકો છો. આમ, તમે નવા વિસ્તારોમાં પણ તબીબી સંભાળ મેળવી શકો છો. તમે હેલ્થકેર પ્રોફેશનલ રજિસ્ટ્રી (HPR) ને ઉપયોગ કરી શકો છો જે ભારતના તમામ ડોક્ટરોની વિગતોનું સંકલન છે. તમે હેલ્થ ફેસિલિટી રજિસ્ટ્રી (HFR)



ને પણ ઉપયોગ કરી શકો છો જે ભારતમાં તમામ સરકારી અને ખાનગી તબીબી સુવિધાઓની લીસ્ટ છે. આ કાર્ડ આયુષ સારવાર સુવિધાઓમાં પણ માન્ય છે. સારવારમાં આયુર્વેદ, યોગ અને નેચરોપથી, યુનાની, સિદ્ધ અને હોમિયોપેથીનો સમાવેશ થાય છે.

# 25 વર્ષના યુવકને માર્ગ અકસ્માતમાં માથાના ભાગમાં ગંભીર ઇજા સારવાર દરમિયાન બ્રેઇનડેડ થતા પરિવારે અંગદાનનો નિર્ણય કર્યો : સિવિલ સુપ્રીટેન્ડન્ટ ડૉ. રાકેશ જોષી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં 129 મું અંગદાન થયું છે. અમદાવાદના કુબેરનગર વિસ્તારમાં રહેતા 25 વર્ષના નિરજભાઈ પરીહારને 27 ઓગષ્ટે માર્ગ અકસ્માત નડ્યો. આ માર્ગ અકસ્માતમાં માથાના ભાગમાં ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચતા અમદાવાદ સિવિલ હોસ્પિટલમા સારવાર માટે લાવવામાં આવ્યા હતા. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં 5 દિવસની સઘન સારવારના અંતે તેઓને તબીબો દ્વારા બ્રેઈનડેડ જાહેર કરાયા હતા. બ્રેઈનડેડ જાહેર થતા પરિવારજનોએ અંગદાન માટે સંમતિ દર્શાવી. અમદાવાદ સિવિલ મેડિસીટીની જ કિડની ઈન્સ્ટીટ્યુટમાં ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમ દ્વારા જરૂરિયાતમંદ દર્દીમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડન્ટ ડૉ. રાકેશ જોષીએ જણાવ્યુ કે, ૩૧ મી ઓગષ્ટે કિડની ઈન્સ્ટીટ્યુટના સ્થાપક ડૉ. એચ.એલ.ત્રિવેદીની જન્મ જયંતિ હતી. ગુજરાત રાજ્યથી સમગ્ર દેશમાં કિડની ટ્રાન્સપ્લાન્ટને વેગવંતુ બનાવનાર પુણ્યાત્માની જન્મજયંતિએ બ્રેઈનડેડ યુવકના અંગદાનમાં બે કિડની મળી અને તેને કિડની ઈન્સ્ટીટ્યુટમાં જ દાખલ દર્દીમાં ટ્રાન્સપ્લાન્ટ કરાઇ તે ક્ષણ ભાવુક બની રહી. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કુલ ૧૨૯ અંગદાન થયા છે.

# ઇન્ચા.સિવિલ સર્જનની બદલી થતાં રાજપીપળા સિવિલમાં સુપ્રિટેન્ડેન્ટ અને CdMoનાં બે ચાર્જ RMO સંભાળશે

## મેડિકલ કોલેજ સંલગ્ન સિવિલ હોસ્પિટલ હોવાથી અહીંયા સુપ્રિટેન્ડેન્ટ અને સિવિલ સર્જન આમ બે પોસ્ટ હોવાથી હવે આર.એમ. ઓ નાં માથે ત્રણ જવાબદારી

(ભરત શાહ દ્વારા) - રાજપીપળા

નર્મદા જિલ્લાની વડી રાજપીપળા સિવિલ હોસ્પિટલ માં અનેક તકલીફો જોવા મળે છે જેમાં હાલમાં ઈન્ચાર્જ સિવિલ સર્જન અને નેત્ર સર્જન ની બદલી થવાથી હોસ્પિટલ નું સુકાન હજુપણ ઈન્ચાર્જ નાં ભરોસે જ ચાલશે જેમાં સૂત્રો માંથી મળતી માહિતી મુજબ આ મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ હોવાથી અહીંયા સુપ્રિટેન્ડેન્ટ અને સિવિલ સર્જન આમ બે અલગ અલગ પોસ્ટ હોય છે જેમાં ઈન્ચાર્જ સિવિલ સર્જન ની બદલી બાદ મુકાયેલા રેગ્યુલર આર.એમ. ઓ નાં માથે હવે



સુપ્રિટેન્ડેન્ટ અને સિવિલ સર્જન બંને ની જવાબદારી આવી પડી છે માટે હોસ્પિટલ નાં મુખ્ય બે હોદ્દા પરના અધિકારીઓ ની જગ્યા પર લાંબા સમયથી ઈન્ચાર્જ થકી જ ગાડું ગબડે છે તો આ હોસ્પીટલ નું યોગ્ય સંચાલન કઈ રીતે થશે..? વહીવટી કામગીરી અને હોસ્પિટલ ની જવાબદારી સાથે આર.એમ. ઓ ને પોતાની જવાબદારી પણ નિભાવવાની હોવાથી આ ત્રિકોણીય સંચાલન યોગ્ય રીતે નહિ થાય તો સ્ટાફ અને દર્દીઓ મુશ્કેલી માં મુકાઇ શકે છે.


**આરુનિસ એબોડ લિમિટેડ**

(અગાઉ એમ બી પરિખ ફિનસ્ટોક લિમિટેડ તરીકે જાણીતું)

CIN:- L70100GJ1994PLC021759

રજિસ્ટર્ડ ઓફિસ :- દેસાઈ હાઉસ, સર્વે નં 2523, કોસ્ટલ હાઈવે, ઉમેરસડી, કિલા પારડી, જિલ્લા વલસાડ - 396125, ગુજરાત ; મોબાઈલ :- +91-7045677788,

ઈમેલ :- corporate@arunis.co; વેબસાઈટ :- www.arunis.co

**29મી વાર્ષિક સામાન્ય સભાની સૂચના, રિમોટ ઈ-વોટિંગ અને બુક ક્લોઝરની સૂચના.**

કંપની અધિનિયમ 2013 ની કલમ 108 અને કંપનીઓ (વ્યવસ્થાપન અને વહીવટ) નિયમો 2014 ના નિયમ 20 ની જોગવાઈઓ અનુસાર.

1. કંપની (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો 2014 ના નિયમ 20 ને અનુસરીને સૂચના આથી આપવામાં આવે છે કે અરુનિસ એબોડ લિમિટેડના શેરધારકોની 29મી વાર્ષિક સામાન્ય સભા મંગળવાર-26મી સપ્ટેમ્બર 2023ના રોજ સાંજે 04:30 વાગ્યે વિડીયો કોન્ફરન્સિંગ (વીસી) દ્વારા યોજવામાં આવશે. )/અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો(OAVM), કંપની એક્ટ 2013ની લાગુ પડતી જોગવાઈઓ અનુસાર, 11મી ઓગસ્ટ 2023ની એજીએમની નોટિસમાં નિર્ધારિત કરેલા વ્યવસાયના વ્યવહાર માટે સામાન્ય સ્થળ પર સભ્યોની ભૌતિક હાજરી વિના. અને કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા જારી કરાયેલા પરિપત્રો ('MCA પરિપત્રો') અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા ('સેબી પરિપત્ર') દ્વારા જારી કરાયેલા પરિપત્રો સાથે વાંચો.

2. કંપની અધિનિયમ 2013, તેના હેઠળ બનાવેલા નિયમો અને ઉપરોક્ત પરિપત્રોના પાલનમાં, નાણાકીય વર્ષ 2022-23ના વાર્ષિક અહેવાલની નકલ સાથે 29મી એજીએમની સૂચના 31મીએ ઈલેક્ટ્રોનિક મોડ (ઈમેલ) દ્વારા મોકલવામાં આવી છે. ઓગસ્ટ 2023 તે બધા સભ્યો કે જેમણે સંબંધિત ડિપોઝિટરી સહભાગીઓ ('DPs') અથવા કંપની અથવા તેના રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ્સ ('RTA') જેમ કે, લિંક ઇનટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ સાથે તેમના ઈમેઈલ સરનામાંની નોંધણી કરાવી છે. એજીએમ બોલાવતી નોટિસ સાથેનો વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ જેમ કે www.arunis.co, BSE LTD ની વેબસાઈટ www.bseindia.com અને સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસ(ઇન્ડિયા) લિમિટેડની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ છે. ('CDSL') એટલે કે www.evotingindia.com.

3. કટ-ઓફ તારીખે એટલે કે મંગળવાર 19મી સપ્ટેમ્બર 2023 ના રોજ ભૌતિક સ્વરૂપે અથવા ડીમટીરિયલાઈઝ્ડ સ્વરૂપે શેર ધરાવતા સભ્યો ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ દ્વારા 29મી એજીએમની સૂચનામાં દર્શાવ્યા મુજબ સામાન્ય અને વિશેષ વ્યવસાય પર ઈલેક્ટ્રોનિક રીતે તેમનો મત આપી શકે છે. એજીએમ ('રિમોટ ઈ-વોટિંગ')ના સ્થળ સિવાયના સ્થળેથી સીડીએસએલ.

4. કંપની અધિનિયમ 2013 ની કલમ 91 અને સેબી (સૂચિબદ્ધ જવાબદારીઓ અને જાહેરાત આવશ્યકતાઓ) રેગ્યુલેશન્સ 2015 ના નિયમન 42 ની જોગવાઈઓને અનુસરીને, સભ્યોનું રજિસ્ટર અને કંપનીના શેર ટ્રાન્સફર બુક બુધવાર 20 સપ્ટેમ્બરથી બંધ રહેશે. આગામી 29મી એજીએમના હેતુ માટે 2023 થી મંગળવાર 26મી સપ્ટેમ્બર 2023 (બંને દિવસો સહિત).

5. તમામ સભ્યોને આથી જાણ કરવામાં આવે છે કે:-

(i) રિમોટ ઈ-વોટિંગ શનિવાર 23 સપ્ટેમ્બર 2023ના રોજ સવારે 09:00 વાગ્યે શરૂ થશે.

(ii) રિમોટ ઈ-વોટિંગ સોમવાર 25મી સપ્ટેમ્બર 2023ના રોજ સાંજે 05:00 વાગ્યે સમાપ્ત થશે.

(iii) કોઈપણ વ્યક્તિ, જે કંપનીના શેર મેળવે છે અને 29મી એજીએમની નોટિસ મોકલ્યા પછી સભ્ય બને છે અને કટ-ઓફ તારીખે શેર ધરાવે છે, તે helpdesk.evoting પર વિનંતી મોકલીને લોગિન આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે. helpdesk.evoting@cdslindia.com અથવા rnt.hrlpdeak@linkintime.co.in (ઈ-વોટિંગ એજન્સીનું ઈમેલ એડ્રેસ). જો કે, જો કોઈ વ્યક્તિ ઈ-વોટિંગ માટે પહેલાથી જ સીડીએસએલમાં નોંધાયેલ હોય, તો વર્તમાન યુઝર આઈડી અને પાસવર્ડનો ઉપયોગ તેમનો મત આપવા માટે થઈ શકે છે.

(iv) સભ્યો નોંધ લે કે :-

a) એજીએમ દરમિયાન અને એજીએમમાં હાજર રહેલા સભ્યોને VC/OAVM દ્વારા ઈ-વોટિંગની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેમણે રિમોટ ઈ-વોટિંગ દ્વારા ઠરાવો પર પોતાનો મત આપ્યો નથી અને અન્યથા આમ કરવાથી પ્રતિબંધિત નથી, એજીએમમાં ઈ-વોટિંગ સિસ્ટમ દ્વારા મત આપવા માટે પાત્ર રહેશે.

b) જે સભ્યોએ એજીએમ પહેલાં રિમોટ ઈ-વોટિંગ સુવિધા દ્વારા પોતાનો મત આપ્યો છે તેઓ પણ એજીએમમાં VC/OAVM દ્વારા હાજરી આપી શકે છે પરંતુ તેઓ એજીએમ દરમિયાન ફરીથી મત આપવા માટે હકદાર રહેશે નહીં.

c ) જે વ્યક્તિનું નામ સભ્યોના રજિસ્ટરમાં અને લાભાર્થી માલિકના રજિસ્ટરમાં નોંધાયેલું છે, જે ડિપોઝિટરીઝ દ્વારા કટ-ઓફ તારીખે જાળવવામાં આવ્યું છે તે માત્ર દૂરસ્થ ઈ-વોટિંગની સુવિધા તેમજ ઈ-વોટિંગ મેળવવા માટે હકદાર રહેશે. - એજીએમ દરમિયાન ઈ-વોટિંગ સિસ્ટમ દ્વારા એજીએમમાં મતદાન.

(v) ડીમટીરિયલાઈઝ્ડ મોડમાં અને ફિઝિકલ મોડમાં શેર ધરાવતા સભ્યો દ્વારા રિમોટ ઈ-વોટિંગ અને ઈ-વોટિંગની રીત અને જે સભ્યોએ તેમનું ઈમેલ એડ્રેસ રજિસ્ટર કરાવ્યું નથી તે એજીએમની નોટિસમાં આપવામાં આવે છે. તેની વિગતો કંપનીની વેબસાઇટ પર પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આવી વિગતો મેળવવા માટે સભ્યોને www.arunis.co ની મુલાકાત લેવા વિનંતી કરવામાં આવે છે.

6. જો તમને CDSL ઈ-વોટિંગ સિસ્ટમમાંથી AGMમાં હાજરી આપવા અને ઈ-વોટિંગ અંગે કોઈ પ્રશ્નો અથવા સમસ્યાઓ હોય, તો તમે શ્રી રાકેશ દલવી, મેનેજર, સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસ (ઈન્ડિયા) લિમિટેડ, એ વિંગ, 25મો માળ, મેરેથોન ફ્યુચરનો સંપર્ક કરી શકો છો. , મફતલાલ મિલ કમ્પાઉન્ડ, એન એમ જોશી માર્ગ, લોઅર પરેલ (પૂર્વ), મુંબઈ - 400013 અથવા helpdesk.evoting@cdslindia.com પર ઈમેઈલ મોકલો અથવા 022-23058542/43 પર કૉલ કરો. સભ્યો કંપનીના સચિવ અને કંપનીના અનુપાલન અધિકારીને corporate@arunis.co પર પત્ર લખી શકે છે અથવા +91-7045677788/9167869000 પર કૉલ કરી શકે છે.

7. રિમોટ ઈ-વોટિંગ અને એજીએમમાં વોટિંગના એકંદર પરિણામોની જાહેરાત કંપની દ્વારા 29મી એજીએમના 2 કામકાજના દિવસોમાં તેની વેબસાઈટ પર કરવામાં આવશે અને સ્ટોક એક્સચેન્જને પણ જાણ કરવામાં આવશે.

અરુણીસ એબોડ લિમિટેડ માટે,
એસડી/-
ગરિમા મંધનિયા,
કંપની સેક્રેટરી અને કમ્પ્લાયન્સ ઓફિસર.
સભ્યપદ નંબર :- A62347

સ્થાન :- મુંબઈ
તારીખ :- 31-08-2023


# થરાદ તાલુકામાં આવેલ આનંદ નગર પ્રાથમિક શાળા થરાદ-3 માં માનનીય સાંસદ શ્રી પરબતભાઇ પટેલ ના 75મા જન્મ દિવસ (અમ્રુત મહોત્સવ) એ પ્રિતીભોજન આપવામાં આવ્યું

વાવ થરાદ સુઇગામ બનાસકાંઠા, કિરણભાઈ એપા

થરાદ ની આનંદ નગર પ્રાથમિક શાળામાં લોકલાડીલા સાંસદ શ્રી પરબતભાઈ પટેલ ના ૭૫મા જન્મદિવસ ની ઉજવણી અમૃત મહોત્સવ પ્રસંગે દાતાશ્રી (૧. ડો. શ્રી કરસનભાઈ પટેલ કૃષ્ણા હોસ્પિટલ,(૨. ડો. શ્રી રિતેષભાઈ પ્રજાપતી (૩. શ્રી નંદુભાઈ મહેશ્વરી,(૪.નરસિંહભાઈ ચૌધરી મિતુલ ગેસ એજન્સી,(૫.શ્રી કિશનભાઈ પ્રજાપતી,(૬. જૈમિન પ્રજાપતી (૭.કલ્પેશ પુરોહીત (૮. એન.ડી.સોની તરફથી શાળાના ૮૫૦ બાળકોને મીઠાઇ,પૂરી,શાક,દાળ ,ભાત,પાપડ સાથે પ્રીતિભોજન આપવામાં આવ્યું.આ કાર્યક્રમમાં બનાસબેંકના ડિરેક્ટર શ્રી શૈલેષભાઈ પટેલ,શહેર ભાજપ પ્રમુખ શ્રી અજયભાઈ ઓઝા,પૂર્વ ન. પા.પ્રમુખ શ્રી દીપકભાઈ ઓઝા,શ્રી



સી.એસ.ત્રિવેદી,ડો. જગદીશભાઇ પટેલ તથા મણીબેન પટેલ તથા દીપિકાબેન પટેલ વગેરે સામાજિક તથા રાજકીય આગેવાનો તથા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી એમ.કે. મણવર આચાર્ય શ્રી આનંદનગર પ્રા.શાળા તથા સ્ટાફ મિત્રોએ મહેમાનોનું શાબ્દિક તથા શાલ ઓઢાડી સન્માન અને સ્વાગત કરવામાં આવ્યું વધુમાં આનંદનગર શાળાએ માન.સાંસદ શ્રી ને ભગવાન ધરણીધરનો ફોટો અર્પણ કરી તેમના દીર્ઘાયુ તથા તંદુરસ્તીની ની પ્રાર્થના કરી હતી . આજ રોજ શાળાના આચાર્ય શ્રી એમ.કે. મણવર ને H.TAT આચાર્ય તરીકે ૧૧ વર્ષ પૂર્ણ થતાં તેમનું બનાસબેંકના ડિરેક્ટર શ્રી શૈલેષભાઈ પટેલ અને મહાનુભાવો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય શ્રી એમ.કે.મણવરે આયોજકોનું સ્વાગત તથા સન્માન કરી આ કાર્યક્રમ માટે શાળાને પસંદ કરવા બદલ આયોજકોનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો.

# જાફરાબાદ માં માલીકીની જમીન ઉપર રોફ જમાવી સ્ત્રી સામે બીભત્સ શબ્દોનો પ્રયોગ કરતા તત્વો સામે પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ

જાફરાબાદ, કિશોર આર. સોલંકી

જાફરાબાદ ના સામાકાંઠા વિસ્તારમાં નો બનાવ ફરિયાદી જાગૃતિબેન ધરમેંશભાઈ સોલંકી ના દાદા વશરામભાઇ કરશનભાઈ સોલંકી ના નામે માલીકી ની જમીન આવેલ હોય તે જમીન ઉપર જાગૃતિબેન ના પતિ ધરમેંશભાઈ પ્લોટ માં પ્લીન્થ નું બાંધકામ કરતા હોય આ કામના આરોપી સાગર ને સારૂ ના લાગતા મારા પતિ ને અવારનવાર મારી નાખવાની ધમકીઓ આપતા અને કહેતા કે હું અહીંયા મકાન તમને નય બનાવવા દવ અને ખારવા સમાજના આગેવાનો મારી સાથે છે. અને જો તું મકાન બનાવી તો હું સમાજના આગેવાન જયંતીભાઇ ને કઈ અને તને જ્ઞાતિ બહાર મુકી દેવાનો છે. તેવી ધમકી આ કામના આરોપી સાગર કાળું મારા પતિ ને અવારનવાર આપ્યાં કરે છે. અને અમો ફરિયાદી ત્યા અમો નકટાની વાવ પાસેથી અમો ના મકાને જતા હોય ત્યારે આ સાગર અમો ફરિયાદી ને જોઈને બીભત્સ ઈશારા કરતો હોય અને અમોની પાછળ અવારનવાર બદ ઈરાદાથી આવતો હોય અને અમો એક સ્ત્રી ને ન લાજે તેવું કૃત્ય આ કામના આરોપી સાગર કરતો હોય અને તેના પિતા કાળુભાઈ અમો અમારી માલિકીની જગ્યા પર આવતા જતા હોય ત્યારે જોર જોર થી ગાળો આપી અને કહે છે.કે હવે તું આ જગ્યા પર આવી તો તને જાનથી મારી નાખવાની છે. તેમ અવારનવાર અમો ફરિયાદી ને મારી નાખવાની ધમકી આપતા અને અમો ના પરિવાર ને આ જયંતીભાઇ ધ્વારા જ્ઞાતિ બહાર મુકી દેવાની ધમકી ઓ આપતા જેથી કરીને ઉપરોક્ત આરોપી ઓ ઉપર જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ કરવામાં આવી છે.


**IndoStar Home Finance Private Limited**

**Regd. Office:** - Unit No. 305, 3rd Floor, Wing 2/E, Corporate Avenue, Andheri- Ghatkopar Link Road, Chakala, Andheri (East), Mumbai – 400093
**CIN :** U65990MH2016PTC271587 **Tel:** +91 22 45107701
**Email:** contact@indostarhfc.com; **Website:** www.indostarhfc.com

**નોટિસ**

માસ્ટર ડિરેક્શન-નોન-બેંકિંગ ફાઇનાન્સિયલ કંપની - હાઉસિંગ ફાઇનાન્સ કંપની (રિઝર્વ બેન્ક)ના નિર્દેશો 2021 ના ફકરા 93 ની શરતોમાં આથી સૂચના આપવામાં આવી છે કે કંપનીની શાખા કચેરી જીગર કોમ્પ્લેક્સ, બીજા માળે, બંધન બેંકની ઉપર, મહેસાણા - 384002 ખાતે આવેલી છે તે 29મી નવેમ્બર 2023 ના કામકાજના સમયની સમાપ્તિથી અસરથી બંધ થઈ જશે કારણ કે કામગીરી G20, ઓર્બિટ પલાઝા, રાધનપુર રોડ, મહેસાણા, ગુજરાત - 384002 ખાતે આવેલી નજીકની શાખા કચેરીમાં ખસેડવામાં આવી રહી છે. જો કોઈ સહાયની જરૂર હોય, તો તમે ઉપર જણાવ્યા મુજબ નજીકની શાખા કચેરીનો સંપર્ક કરી શકો છો અથવા contact@indostarhfc.com પર ઈમેઈલ મોકલી શકો છો.

આ નોટિસ કંપનીની વેબસાઇટ (www.indostarhfc.com) પર એક્સેસ કરી શકાય છે.

ઈન્ડોસ્ટાર હોમ ફાઈનાન્સ પ્રાઈવેટ લિમિટેડ વતી
Sd/-
નિધી શાહ
કંપની સેક્રેટરી

તારીખ :- 01-09-2023


# ભવાનદગડ ગામમાં કુવા સોલાર યોજનાની સોલાર પ્લેટની કોઈક અજાણ્યા ઈસમ દ્વારા ચોરી

ડાંગ, સુશીલ પવાર

ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાનાં ભવાનદગડ ગામમાં સરકાર દ્વારા ખેતી સિંચાઈ માટે આપવામાં આવેલ કુવા/સોલાર યોજનાની સોલાર પ્લેટની ચોરી થતા પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ. પ્રાપ્ત વિગતો અનુસાર ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાનાં ભવાનદગડ ગામનાં ભાસ્કર કિસન પવારને ખાતા સર્વે નં.67 માં ભારત સરકારના પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના અંતર્ગત કુવા તેમજ સોલાર લાઇટ સિસ્ટમ ગોઠવી આપવામાં આવી



હતી.તેવામાં ગતરોજ રાત્રિના સમયે કુવા પર ગોઠવવામાં આવેલ સોલાર નંગ -16 જેટલી પ્લેટો તેમજ તેની સાથેના બોક્ષ ચોરી થઈ ગયા હતા.જે અંગેની જાણ ભાસ્કર પવારને થતા તેઓએ અજાણ્યા ઈસમો વિરુદ્ધ આહવા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. આહવા પોલીસે ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# સેઢાલ સેધા ચાર કિલોમીટરના રોડની બંને સાઇડમા બાવળોના ઝુડ જામ્યા

પાટણ । તા.01



શેઢાલ થી શેઢા પાંચ કિલોમીટર ના રોડની બંને સાઈડ પર દેશી બાવળો અને ઝાડી ઝાખડા રોડ ઉપર આવી જતા રોડ ની બંને સાઈડો ઢંકાઈ જવા પામી છે રોડની બંને સાઈડ ઉપર જાડી ઝાખલા આવી જતા સામ સામે આવતા વાહનો દેખાતા ન હોવાના કારણે અકસ્માત થવાની વાહન ચાલકોએ દહેજત વ્યક્ત કરી છે જ્યારે બીજી બાજુ શેઢાલ ગામે ગોગા મહારાજ અને ધરમોડા ગામે પણ નાગ પંચમીના દિવસે ગોગા મહારાજ નો મેળો ભરાતો હોવાથી ગોગા મહારાજના મંદિરે શ્રદ્ધાળુ ઉમટી પડવાના કારણે આ રોડ ઉપર વાહનોની ખૂબ જ ભીડ રહેશે જેથી તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે શેઢાલ થી છેધા વચ્ચેના વચના પાંચ કિલોમીટરના રોડની બંને સાઈડના બાવળો ઝાડી ઝાખડા કાઢીને રોડની સાઈડ સાફ કરવા સેધા અને શેઢાલ ગામના ગામના અગ્રણીએ માંગ ઉપચાર છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654